# Shree Dasa Porwad Vaishnav Samaj (Nandurbar), Mumbai

# OUR DASA PORWAD SAMAJ

(NANDURBAR & MUMBAI)




In India, the chain of Satpuda Mountains passed through the states of Madhya Pradesh, Maharashtra and Gujarat. Along with the Satpuda Mountains, here flows the pure and divine waters of rivers Narmada and Tapi. Nandurbar the town – is an ancient historic town placed on the borders of Gujarat and Madhya Pradesh, but geographically situated in Maharashtra. The Moghuls ruled from AD 1556 to 1806, during which period there was a shepherd called Nand who sold milk in this region. He was later known as Nand Raja (the king) because he later went on to win the war against Mughals. From his name was the town renamed as Nand Nagari. The king Nand used to hold his court (the darbar), and hence with time it started being called Nand-Durbar, which colloquially translated to being called 'Nandurbar'.



In AD 1601 Rang Mahal was built in Nandurbar which is situated in Desaipura. It is said that during the times of Nand Raja there was a golden swing in a well-Known -Rang Mahal. As per the king's demand, the swing was pulled out of the well and was used as his throne to hold his court. After his death, the swing has never been drawn out and currently the well is kept inaccessible for people. But the well and the swing very much still exist. (The popular opinion – may be superstition) is that in order to redraw the swing you need the sacrifice of nine couples, hence the decision of keeping it inaccessible.) The Moghuls have created a secret underground tunnel from Rang Mahal to the temples of Peer Baba and Wageshwari Mata.

Rang Mahal had been passed over as a Jagir (co ownership) to the Desai's by the Moghuls. Nearly 21 generations of Desai's and Mehta's have lived and prospered in Rang Mahal. This 500 year old monument is the pride of Nandurbar even today. It is also said that the credit of the growth and prosperity of this town goes to the Desai's as they were the farmers as well as the moneylenders. Nandurbar Dhulia Jalgaon and other such towns were and are even today known as 'Khandesh' towns.

From AD 1556 to 1806 various Moghul kings like Akbar, Jahangir, Shah Jahan and Shah Alam had granted administrative rights to Jagirdars to collect Revenue from Citizen & deposit the same to the Treasury of respective Kings, Jagirdars would be suitably compensated by awarding suitable piece of Lands subsequently Money Lending was also one of business activities of the Desai family. Amongst The Desai family members who were originally from Porbandar, were recognised as Mehtas in the main regions of Gujarat and Kutch. They called outsiders from Madhya Pradesh (Pardeshi) to protect them, hence Nandurbar is known to have been authorities of Moghuls, Christians and Desais. Nandurbar shares its borders with Madhya Pradesh and Gujarat, so here you will find people speaking Marathi, Gujarati and even Hindi in large numbers.

Nandurbar was also famous as a business centre. Surat, Nandurbar and Burhanpur were famous for farming and textile industries. During this period the first railway line connecting Surat- Bhusawal was built which passed through Nandurbar. Gujaratis, Brahmins, Jains and Marathas visited Nandurbar frequently. The Currently settled Porward Vaishnavs had come from Malpur, Sindkheda, Nardana, Dondaicha and Shahdha for business and educational purpose. Nandurbar was even famous for being active in the freedom fight. People also participated in 'Bharat Chhodo Andolan' (Quit India movement) of 1941. In 1942, five (5) young children had joined this movement headed by Mahatma Gandhi, Shree Sirish Kumar Mehta and his fellow mates had given a tough fight to the British Government. They sacrificed their lives for the motherland and took bullets straight to their chest and gained martyrdom. Because of them the name of Nandurbar is still alive in the history of India's freedom movement. Their names are marked in Hutatma Smarak which is kept intact till date. It is because of them that Nandurbar was blessed by the visits of great leaders such as Mahatma Gandhi, Sane Guruji, and Shree Babasaheb Ambedkar.





Nandurbar has a very famous Ganesh Temple of ShreeDand Paneshwar since time immemorial which is also mentioned in the biography of Shivaji Maharaj. Two Loyal commanders of Shivaji

Maharaj, Shree Santaji and Shree Dhanaji Ghorpade have conducted rituals to make this land holy and auspicious. Similarly, Shree Ram Mandir, Shree Vagheswari Mata Mandir, ShreeKhodiyaar Mata, Shir Motha Ganpati Mandir are all centuries old and worth visiting.



On 26th April 1917, (Vaishakh Sud Treej /Akhatreej of the Hindu calendar), the first haveli of Balkrishnalalji (Mota Mandir) was established in Nandurbar. In which the avatar of Thakoreji is visible on the crown of Shree 108 Shree Goswami Prabhuji Shree Madhusudhanlalji Maharaj. The Swarup (idol) has been gifted by Rani Vahuji Shree Harkisandas and installed and placed by 108 Shree Goswami Shree Vrajratnalalji Maganlalji Maharajshree (Surat). In AD 1927 Balkrishna Haveli (Nanu Mandir) was established. The idol was placed by Shree108 Goswami Shree Purshottamlalji Maharaj from Mumbai. After that on 11th April 2016 Pushitdham Haveli was established in place of the old Baithakji which was 150 years old by Shree 108 Vrajraj Maharaj Shri. This temple hold the idols of Shrinathji, ShreeMahaprabhuji and ShreeYamuna Maharaniji. At present, in all three havelis, vaishanv worshipers are able to have All Darshan at specific seven timings (sama) in the day. Every festivity is celebrated with the highest enthusiasm here.







In AD 1938 the banquet of Govindwadi was made by the service and co-operation of all Porward Viashnavs of Nandurbar including a few donors including the Major Donor Late Shri Govindas Kishordas Shah. The first chairman of this organization was late Shree Premshankar (Mota Kaka) Shivshankar Desai. Here every small or big occasions and social gathering are held.




In AD 1961 June, for Guajarati students, Shrimati Hiriben Govindas Shroff high school was established, popularly known as S.H.G.S. high school. For the initial few years, this school was run on the first floor of the Govindwadi. Thereafter, the present building was built and

all educational activities were carried out from the same building. The first President of School was Late Shree Kanhaiyalal Manulal Malpurwala and the First Head Master of the School was Late Shree Kumudchandra Gokuldas Shah. The students graduated from this educational institute have eventually been posted at high ranking positions in the country as well as all around the world. Currently more than 400 families residing in Mumbai have their roots in Nandurbar.




With the support and involvementof such families a community organization was formed in AD 1978 under the Leadership of the most active members of our society who laid the successful foundation of its constitution. Some of them are Late Shree Narendrabhai Narottamdas Shah, Late. Shree Vitthaldas Narottamdas Shah, Late. Mr. Madanlal Gulabdas Shah (CA), Late Dr. Shantilal Chhaganlal Gujarati, and still active members like Mr Shankarlal Bechardas Shah, Mr Gunwantbhai Kamallal Shah (CA) etc. They have made invaluable contribution in organizing the convention of the society during the period of 1978 to 1995. During such period One Day Samaj Picnics were arranged at National Park - Borivali, Picnic Point, Aarey Park, Goregaon (Aarey Colony), Vihar Lake - Powai etc. These used to be fun filled events. On






such a fun days, the the famous Nandurbar khichadi – Main Menu – used to be a major attraction for picnickers. Since last many years organization has been successfully organizing various programs including major ones being --- Mahaprabhuji's Praktyotsav in April- May and Sneh Sammelan after Diwali. Apart from this, the biggest contribution of the gathering of the members of our unregistered society is



the **25th (Silver Jubilee) year** (1978 -2003) during which MEMBERS' COMPENDIUM 2003-4 was published (309 Pages, More than 625 Members all over India & 75 Members in Foreign Countries all over the World.



Another mile stone was achieved in 1995 when the **unregistred organization was Registred** under the guidance of the then Charity Commissioner of State of Maharashtra - Shree Kamalshankar Mohanlal Desai (Retd. Charity

Commissioner, Maharashtra) and under the leadership of late Shree Narendrabhai Narottamdas Shah as **"SHREE DASA PORWAD VAISHNAV SAMAJ (NANDURBAR), MUMBAI"**. They laid a very important foundation for society. **The Trust's Silver Jubilee was celebrated on grand scale on November 24, 2019 in Mumbai.** The current Managing Committee Members details are available on the society's website.

*"Namaste sada vatsalya matrubhumi "*
*"Hey param vatsalya matrubhumi - Nandarbar I bow to you constantly".*

**N -** Daily Vaishnavism of Nandarbar
**A -** Ashtakshara mantra rosary (1 time Shree Krishna Sharan Mumah)
**N -** Nitya Niyam Shriji's Darshan (going to the temple every day)
**D -** Dandvat Pranam (bowing down to Shreeji, Parents, Guru)
**U -** Utsav (Celebrating Hardin Utsav, 5 days for devotee alike)
**R -** Rajbhog Prabhu (Sacrifice to Shreeji daily)
**B -** Bramhasambandh (Remembering Shreeji everyday)
**A -** Aarti (Chanting / Worshiping Yamuna Maharani)
**R -** Ratra (Doing Bhajan Satsang)

**Note:**

*1. The above information has been collected on the basis of conversations and feedback with many members of the society. That is, we do not claim that all of the above information is error-free or complete in any sense. This is a small attempt to know more about our birthplace - Karmabhoomi Nandarbar.*

*2. If anyone wants to add an update, please mail it to the society's mail id and it will be included in the next updated version.*

# આપણું દસા પોરવાડ સમાજ

**(નંદરબાર અને મુંબઇ)**




ભારતમાં પ્રસિદ્ધ સાતપુડા પર્વતની હારમાળા જે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યમાંથી પસાર થાય છે. સાતપુડાના પર્વતો સાથે અહીંયા નર્મદા તથા તાપી આ બે પ્રમુખ નદીનું નિર્મળ જળ વહે છે. સાતપુડા પર્વતના વિસ્તારમાં આવેલ મધ્યપ્રદેશ અને ગુજરાત રાજ્યની સીમા પર મહારાષ્ટ્રમાં આવતું ''નંદરબાર'' શહેર એ ઇતિહાસકાલીન, પુરાતનકાલીન ગામ છે. ઇ. સ. ૧૫૫૬ થી ૧૮૦૬ દરમ્યાન અહીં મોગલ રાજાઓનું રાજ હતું. આ સમય દરમ્યાન નંદ નામનો ગોવાળીયો દૂધ વેચતો, તે પછી નંદરાજા તરીકે ઓળખાયો અને નંદરાજાએ મોગલો સાથે યુદ્ધ કરીને આ શહેર જીતી લીધું. ત્યારબાદ તેમના નામ પરથી આ શહેરનું નામ ''નંદ નગરી'' એમ પડયુ હતું. ત્યાં નંદરાજાનો દરબાર ભરાતો. એટલે સમય જતાં 'નંદનો દરબાર' પરથી 'નંદ દરબાર' અને ત્યારબાદ અપભ્રંશ થઇ આ શહેરનું નામ ''નંદરબાર'' પડયું.



સન ૧૬૦૧માં નંદરબારમાં 'રંગમહલ' (રંગમેલ) જે આજે દેસાઇપુરામાં છે એ બાંધવામાં આવ્યુ હતુ. કહેવાય છે કે નંદરાજાના સમયે આ રંગમહેલમાં એક કુવામાં સોનાની ચોપાળી (હિંચકો) હતી. જે રાજાની ઇચ્છાથી ઝુલવા માટે કુવામાંથી બહાર આવતી. આ જ ચોપાળી પર બેસીને રાજા ન્યાય કરતા. રાજાના મૃત્યૂ બાદ આ ચોપાળી બહાર આવી નથી. હાલમાં કુવાને બંધ કરી દેવામાં આવ્યો છે. હજુ પણ આ કુવો અને ચોપાળી રંગમહેલમાં ત્યાં એજ જગ્યાએ હાજર છે. (એવી લોકવાયકા છે કે આ ચોપાળી ૯ દંપતી (couple) નો ભોગ (બલિદાન) માંગે છે અને તેથી જ તેને બંધ કરી દેવામાં આવ્યો છે.) મોગલો દ્વારા રંગમહેલથી પીરબાબા અને વાઘેશ્વરી માતા સુધી ભોયરું (ગુપ્ત રસ્તો) (Underground Tunnel) પણ

બનાવવામાં આવેલું છે.

દેસાઇ લોકોને આ રંગમહેલ મોગલો તરફથી જાગીરદારીમાં મળ્યુ હતું. આ રંગમહેલમાં મહેતા અને દેસાઇ પરિવારની લગભગ ૨૧ પેઢી ત્યાં રહીને પોતાનુ જીવન સુખદ અને સમૃદ્ધ રીતે પસાર કર્યુ હતુ. આ ૫૦૦ વર્ષ જૂનું મહલ આજે પણ નંદરબારનો ગૌરવ વધારે છે. આ લોકો અહીંયા ખેતી અને શાહુકારી કરતા. નંદરબાર, ધુળિયા, જળગાંવ વગેરે આ બધા વિભાગ ''ખાનદેશ'' તરીકે પ્રસિદ્ધ હતા અને આજે પણ આ બધા ગામો ખાનદેશ તરીકે ઓળખાય છે.

ઇ. સ. ૧૫૫૬ થી ૧૮૦૬ દરમ્યાન વિવિધ રાજાઓ દ્વારા જેમ કે અકબર, જહાંગીર, શાહજહાઁ અને શાહઆલમ આ વર્ષોમાં દેસાઇ ખાનદાનના લોકોને શાહુકારી આપવામાં આવતી હતી. એ દેસાઇ ખાનદાન મૂળ ગુજરાત / કચ્છ અંતર્ગત પોરબંદરથી મહેતા અટકથી ઓળખાતા હતા. આ દેસાઇ ખાનદાનના લોકોએ નંદરબારને વિકસિત કર્યુ એમ કહેવામાં આવે છે. આ લોકો અહીંયા ખેતી અને શાહુકારી કરતા. તેમના પોતાના સરંક્ષણ માટે મધ્યપ્રદેશથી પરદેશી સમાજના પરદેશી અટક ધરાવતા લોકોને અહીંયા બોલાવ્યા હતા. એટલા જ માટે પહેલા નંદરબારમાં દેસાઇ અને પરદેશી લોકોનું વર્ચસ્વ હતું અને આજે પણ છે. નંદરબાર ગુજરાત અને મધ્યપ્રદેશના સીમાંત ઉપર હોવાથી અહીં મરાઠી અને ગુજરાતી ઉપરાંત હિંદી ભાષા પણ મોટા પ્રમાણમાં બોલાય છે. નંદરબાર વ્યાપારનું પણ મધ્યબિંદુ તરીકે પ્રસિદ્ધ હતું. સુરત, નંદરબાર અને બુરહાનપુર આ ગામો કપડાં અને ખેતી ઉત્પાદન માટે ખ્યાતી પામ્યા હતા. એ દરમ્યાન સર્વપ્રથમ સુરત-ભુસાવલ રેલ્વે લાઇન નંદરબાર ઉપરથી પસાર થતી બનાવવામાં આવી. ગુજરાતીઓ, બ્રાહ્મણો, જૈનો અને મરાઠા લોકો કામધંધા અર્થે નંદરબાર આવતા હતા. આજના પોરવાડ વૈષ્ણવો માલપુર, સિંદખેડા, નરડાણા, ડોંડાઇચા, શહાદાથી કામકાજ અને શિક્ષણ અર્થે અહીં સ્થાયી થયા.





નંદરબાર ગામ સ્વતંત્રતાની ચળવળમાં પણ સક્રિય હતું. ઇ. સ. ૧૯૪૧માં ભારત છોડો આંદોલન વખતે પણ નંદરબાર એમા સહભાગી થયું હતું. ઇ. સ. ૧૯૪૨માં મહાત્મા ગાંધીજીના ભારત છોડો આંદોલનમાં નંદરબારના પાંચ નાના બાળકોએ ભાગ લીધો હતો. શ્રી શિરીષકુમાર મહેતા અને એમના સાથીઓએ અંગ્રેજ સરકાર સામે લડત આપી હતી અને પોતાની છાતી ઉપર બંદુકની ગોળીઓને આત્મસાત કરી માતૃભૂમિ માટે શહીદ થયા હતા. તેમણે સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસમાં નંદરબાર ગામનું નામ અમર કર્યુ હતુ. આ શહીદોના નામ પરથી આજે પણ નંદરબારમાં ''હુતાત્મા સ્મારક'' જોવા મળે છે. આ કારણે જ નંદરબાર શ્રી મહાત્મા ગાંધીજી, શ્રી સાને ગુરૂજી, શ્રી બાબાસાહેબ આંબેડકર જેવા મહાન પુરુષોના ચરણસ્પર્શથી આ ભૂમી પાવન થઇ છે.

નંદરબાર શહેરમાં આવેલું પ્રસિદ્ધ શ્રી દંડપાણેશ્વર ગણપતીજીનું મંદિર શિવકાલીન છે. શ્રી શિવાજી મહારાજની આત્મકથામાં આનો ઉલ્લેખ છે.

શિવાજી મહારાજના બે નિષ્ઠાવંત સેવક શ્રી સંતાજી અને શ્રી ધનાજી ઘોરપડેએ અહીંયાની ભૂમિને પાવન કરી છે. તેમજ શ્રી રામમંદિર, શ્રી વાઘેશ્વરી માતા મંદિર, શ્રી ખોડિયાર માતા, શ્રી મોઠા ગણપતિ મંદિર લગભગ ૧૦૦ વર્ષ જૂના અને દર્શનીય છે.



નંદરબારમાં સર્વ પ્રથમ તારીખ ૨૬ એપ્રિલ ૧૯૧૭, વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ)ના દિવસે આપણા વૈષ્ણવો માટે શ્રી બાળકૃષ્ણ લાલજીની હવેલી (મોટા મંદિર)ની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં ઠાકોરજીનું સ્વરૂપ શ્રી ૧૦૮ શ્રી ગોસ્વામી પ્રભુજી શ્રી મધુસુદનલાલજી મહારાજના માથે બિરાજે છે. ભેટ કરનારા રાની વહુજી શ્રી હરકિશનદાસ ભેટ ૧૦૮ શ્રી ગોસ્વામી શ્રી વ્રજરત્નલાલજી મગનલાલજી મહારાજશ્રી (સુરત)ના હસ્તે પુષ્ટ કરાવેલા ઠાકોરજી બિરાજે છે. ત્યારબાદ ઇ. સ. ૧૯૨૭માં બાળકૃષ્ણ હેવલી (નાનુ મંદિર)ની સ્થાપના થઇ. જેમાં શ્રી ૧૦૮ ગોસ્વામી શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ, મુંબઇ ના શ્રીહસ્તે પુષ્ટિ કરાવેલું સ્વરૂપ બિરાજે છે. એ પછી જૂની બેઠકજી જે ૧૫૦ વર્ષ જૂની હતી ત્યાં હાલમાં તારીખ ૧૧ એપ્રિલ ૨૦૧૬ માં "પુષ્ટિધામ" હવેલીની સ્થાપના શ્રી ૧૦૮ વ્રજરાજ મહારાજશ્રીના હસ્તકમલ દ્વારા કરવામાં આવી હતી. જેમાં શ્રીનાથજી, શ્રી મહાપ્રભુજી, શ્રી યમુના મહારાણીજીનું સ્વરૂપ બિરાજે છે. હાલ ત્રણેય હવેલીમાં સાતેય સમયની ઝાંખીના દર્શનનો લાભ વૈષ્ણવોને મળે છે. અને બધાજ ઉત્સવો ખૂબજ ધૂમધામથી ઉજવાય છે.







નંદરબારમાં વસતા બધા પોરવાડ વૈષ્ણવોની સેવા અને સાથ-સહકારથી ગોવિંદવાડી ઇ. સ. ૧૯૩૮ માં સ્થાપવામાં આવી. એના પ્રથમ અધ્યક્ષ સ્વ. શ્રી પ્રેમશંકર (મોટાકાકા) શિવશંકર દેસાઇ હતાં. જેમાં આજે પણ સમાજના નાના મોટા પ્રસંગો ઉજવાય છે.


ઇ.સ. ૧૯૬૧ જૂનમાં ગુજરાતી વિદ્યાર્થીઓ માટેની શાળા 'શ્રીમતી હિરીબેન ગોવિંદદાસ શ્રોફ (એસ.એચ.જી.એસ.) હાયસ્કુલ' ની સ્થાપના કરવામાં આવી હતી. શરૂઆતમાં થોડા વર્ષો ગોવિંદવાડીના પહેલા માળેથી આ શાળા ચલાવવામાં આવી હતી. ત્યારપછી હાલમાંજે છે એ શાળાનું બિલ્ડીંગ બનાવવામાં આવ્યુ ત્યાં સ્થાળાંતર કરી બધા શૈક્ષણિક કામકાજોની શરૂઆત કરવામાં આવી. એના પ્રથમ અધ્યક્ષ સ્વ. શ્રી કનૈયાલાલ મનુલાલ માલપુરવાળા હતા અને પ્રથમ મુખ્યાધ્યાપક સ્વ. શ્રી કુમુદચંદ્ર ગોકુળદાસ શાહ હતા. આ શિક્ષણ સંસ્થા દ્વારા



સ્નાતક થયેલા સમાજના વિદ્યાર્થી આજે ઉચ્ચ હોદ્દા ઉપર વિવિધ દેશોમાં / મહાનગરમાં કામ કરી સફળતાપૂર્વક જીવન પસાર કરી રહ્યા છે.




આજે આપણા સમાજના ઘણાં પરિવારો નંદરબારમાંથી સ્થળાંતર કરી મુંબઇ મહાનગરમાં આવી વસ્યા છે. આ બધા પરિવારોના સહયોગથી મુંબઇમાં સમાજની એક સંસ્થા ઇ. સ. ૧૯૭૮માં બનાવવામાં આવી હતી. જેના બંધારણનો સફળ પાયો નાંખનાર આપણાં સમાજના સદસ્યો જેવા કે સ્વ. શ્રી નરેન્દ્રભાઇ નરોત્તમદાસ શાહ, સ્વ. શ્રી વિઠ્ઠલદાસ નરોત્તમદાસ શાહ, સ્વ. શ્રી. મદનલાલ ગુલાબદાસ શાહ (સી.એ.), સ્વ. શ્રી. ડૉ. શાંતિલાલ છગનલાલ ગુજરાતી, શ્રી શંકરલાલ બેચરદાસ શાહ, શ્રી ગુણવંતભાઇ કમલલાલ શાહ (સી.એ.) હતાં. જેમણે ઇ. સ. ૧૯૭૮ થી ૧૯૯૫ના સમયગાળા દરમ્યાન સમાજનું સમ્મેલન યોજવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે. અત્યાર સુધી સામાજીક કાર્યોમાં નેશનલ પાર્ક-બોરીવલી, પિકનીક પોઇંટ, આરે પાર્ક, ગોરેગાંવ (આરે કોલોની), વિહાર લેક-પવઇ વગેરે જગ્યાએ વન ડે પિકનીકનું સરસ આયોજન કરાયુ હતું. આવા મનોરંજક દિવસમાં નંદરબારની પ્રખ્યાત



ખીચડીનું મેનુ રાખવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત સામાજીક ક્ષેત્રમાં અગ્રેસર થઇ આપણી સંસ્થા દ્વારા દર વર્ષે મહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ તથા દિવાળી પછી સ્નેહ સમ્મેલનનું આયોજન એમ વર્ષમાં ૨ વખત વિવિધ કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યું છે.




આ ઉપરાંત મહત્ત્વની વાત એ કે આપણાં રજિસ્ટર ન થયેલા સમાજના સભ્યોના સ્નેહમિલનનું સૌથી મોટુ યોગદાન એટલે **૨૫મું (રજત જયંતી) વર્ષ** (ઇ.સ. ૧૯૭૮-૨૦૦૩)અને તેનાથી પણ ખૂબ મહત્ત્વની વાત એ કે આ સંસ્થાની ઇ.સ. ૧૯૯૫માં મહારાષ્ટ્ર રાજ્યના તત્કાલિન ચેરીટી કમિશ્નર શ્રી કમલશંકર મોહનલાલ દેસાઇના માર્ગદર્શન હેઠળ અને સ્વ. શ્રી. પ્રો. નરેન્દ્રભાઇ નરોત્તમદાસ



શાહના નેતૃત્વ હેઠળ **'શ્રી દસા પોરવાડ વૈષ્ણવ સમાજ (નંદુરબાર), મુંબઇ' તરીકે નોંધણી કરવામાં આવી.** તેમણે સમાજ માટે ખૂબ જ મહત્ત્વનો પાયો નાંખ્યો હતો. મુંબઇમાં **૨૪ નવેમ્બર ૨૦૧૯**ના રોજ ટ્રસ્ટની **સિલ્વર જ્યુબીલી (રજત જયંતી)**ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ વર્ષની કાર્યકારિણી સદસ્યની નોંધ સમાજના વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.



''નમસ્તે સદા વાત્સલ્ય માતૃભૂમે''

હે પરમ વાત્સલ્ય માતૃભૂમી – નંદરબાર હું તને નિરંતર પ્રણામ કરૂં છું.

N - નંદરબારના વૈષ્ણવોની રોજનીશી

A - અષ્ટાક્ષર મંત્રની માળા (૧ વાર શ્રી કૃષ્ણ શરણં મમ:)

N - નિત્ય નિયમ શ્રીજીના દર્શનનો (રોજ મંદિરમાં જવું)

D - દંડવત પ્રણામ કરવું. (શ્રીજીને, માતા-પિતા, ગુરૂને)

U - ઉત્સવ (હરદીન ઉત્સવ મનાવવો, ભક્ત માટે ૩૬૫ દિવસ સરખા)

R - રાજભોગ પ્રભુને (શ્રીજીને રોજ ભોગ અર્પણ કરવો)

B - બ્રહ્મસંબંધ (હું અને મારા શ્રીજીનું સ્મરણ કરવું)

A - આરતી (શ્રી યમુના મહારાણીજીની આરતી નિત્ય કરવી)

R - રાત્ર (ભજન સત્સંગ કરવું)

નોંધ :

૧) ઉપરની માહિતી સમાજના ઘણાં સભ્યો સાથેની વાતચીત અને પ્રતિક્રિયાના આધારે એકત્રિત કરવામાં આવી છે. એટલે અમે દાવો કરતા નથી કે ઉપરની બધી માહિતીઓ ભૂલથી મુક્ત છે અથવા કોઇપણ અર્થમાં સંપૂર્ણ છે. આ તો આપણી જન્મભૂમિ-કર્મભૂમિ નંદરબારને વધારે જાણવાનો નાનકડો પ્રયાસ છે.

૨) જો કોઇને સુધારા વધારા કરવાનું જણાય તો સમાજના મેઇલ આઇડી પર મેઇલ કરી જણાવશો તો આગળની સુધારેલી આવૃત્તિમાં તેને સમાવી લેવામાં આવશે.